તા.૩૧/૦૮/૨૦૨૪
સામાન્ય સભા

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૪ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા ઉપસરપંચશ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

(૧)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા — ઉપસરપંચશ્રી
(૨)શ્રી દિનેશભાઇ છનાભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૩)શ્રીમતી ઇલાબેન ભાણાભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૪)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર — સભ્યશ્રી
(૫)શ્રીમતી કલ્પનાબેન અજયભાઇ પટેલ — સભ્યશ્રી
(૬)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ — સભ્યશ્રી
(૭)શ્રી અશોકકુમાર મંગુભાઇ આહીર — સભ્યશ્રી
(૮)શ્રી મહંમદ ઇલ્યાસ અબ્દુલસમદ શેખ — સભ્યશ્રી

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પ્યુટરાઇઝ્ડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રજીસ્ટર્ડ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રજીસ્ટર્ડ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રજીસ્ટર્ડ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રજીસ્ટર્ડ થી વેચાણ લેનાર | રજીસ્ટર્ડ થી વેચનાર | રજીસ્ટર્ડ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | માલી બંસીલાલ નાનાલાલ<br>હિંમત બંસીલાલ માલી | દિલીપકુમાર નગીનદાસ મોદી | ૯૪૯૨<br>તા.૨૭/૦૮/૨૦૨૪ | ગામતળ મેઇન રોડ રૂપા માર્કેટ ગ્રા.ફ્લોર દુકાનં ૫૫ અને દુકાનનં ૬૧ મિ.નં ૯૫૪/૫૫(૧૫૩૭), ૯૫૪/૬૧(૧૫૪૨) |
| ૨ | ચંદાબેન પુખરાજ શાહ | હિંમતભાઇ અરજણભાઇ સવાણી | ૭૬૪૫<br>તા ૦૫/૦૭/૨૦૨૪ | બ્લોકનં ૨૨૬ પ્લોટનં ૧૧ ગ્રા.ફ્લોર+પ્ર.માળ મકાન મિ.નં ૧૬૫૦/૧૧(૨૮૨૯) |
| ૩ | અશોકભાઇ દિનેશભાઇ રાઠોડ | સુનિલ હિમ્મતભાઇ ઢોલા | ૬૨૦૧<br>તા ૨૮/૦૫/૨૦૨૪ | બ્લોકનં ૨૫૦ પ્લોટનં ૮૭ મકાન મિ.નં ૩૩૧૧(૧૦૭૫૧) |
| ૪ | હીરપરા અશ્વિનભાઇ ધરમશીભાઇ | પ્રવિણભાઇ હરદાસભાઇ પાનશેરીયા | ૭૪૬૮<br>તા.૦૧/૦૭/૨૦૨૪ | સિધ્ધેશ્વર પાર્ક(મિ.નં ૮૧૦/૧, ૮૧૧, ૮૪૭, ૮૪૯,૮૫૦) સી-ફ્લેટ-૪૦૨ મિ.નં ૨૬૫૪/૧૧૩(૭૭૧૩) |
| ૫ | પિયુષ રમેશ શાહ | દેવાંશ પિયુષ શાહ | ૯૫૨૭<br>તા ૨૯/૦૮/૨૦૨૪ | બ્લોકનં ૧૩૩ અવધ કિમ્બર્લી પ્લોટનં ૧૦, ૧૦/એ મકાનનં ૧૦ મિ.નં ૨૮૬૭ (૧૦૦૮૬) બક્ષીસ દસ્તાવેજ |
| ૬ | નિતાબેન ભદ્રેશકુમાર આહિર<br>પાર્વતીબેન ચંપકભાઇ આહિર | ધર્મેશભાઇ હસમુખભાઇ આહિર<br>કૈલાશભાઇ હસમુખભાઇ આહિર | ૮૦૧૨<br>તા ૧૫/૦૭/૨૦૨૪ | બ્લોકનં ૫૮૪/અ પ્લોટનં ૪૯+૫૦ દુકાન, રૂમો ૩૫૭૫/૧ થી ૩૫૭૫/૩૨ (૧૨૪૮૧ થી ૧૨૫૧૨) |
| ૭ | ઇસરતઅલી નિજામુદ્દીન | અમીત ઓમપ્રકાશ દુબે<br>સત્યપ્રકાશ રામમીલન પાંડે | ૧૭૪૨૮<br>તા.૧૮/૧૨/૨૦૧૯ | બ્લોકનં ૬૪૩ સૂર્યાંશી રેસી.પ્લોટનં ૪૭ થી ૫૧ રૂમનં ૧૦૭ મિ.નં ૧૯૨૨/૧૮ (૪૩૪૭) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ૮ | સંધ્યા દિવેશ રાય | મેસર્સ અનુપમ બિલ્ડકોન એક ભાગીદારી પેઢી ના ભાગીદારો | ૨૩૦૭ તા ૨૬/૦૨/૨૦૨૪ | બ્લોકનં ૫૪૫/અ અનુપમ આર્કેડ બીજોમાળ દુકાનનં ૩૯ મિ.નં ૨૨૧૦/૨/૩૯(૫૫૦૬) |
| ૯ | સંધ્યા દિવેશ રાય | મેસર્સ અનુપમ બિલ્ડકોન એક ભાગીદારી પેઢી ના ભાગીદારો | ૨૩૦૬ તા ૨૬/૦૨/૨૦૨૪ | બ્લોકનં ૫૪૫/અ અનુપમ આર્કેડ બીજોમાળ દુકાનનં ૪૦ મિ.નં ૨૨૧૦/૨/૪૦(૫૫૦૮) |
| ૧૦ | રીષભ દિવેશ રાય | મેસર્સ અનુપમ બિલ્ડકોન એક ભાગીદારી પેઢી ના ભાગીદારો | ૨૩૦૪ તા ૨૬/૦૨/૨૦૨૪ | બ્લોકનં ૫૪૫/અ અનુપમ આર્કેડ ત્રીજોમાળ ફ્લેટનં ૩૦૨ મિ.નં ૨૨૧૦/૧૮૪ (૧૧૮૨૩) |
| ૧૧ | ગણીબેન રાધેશ્યામ ખટિક | સંતોષ સુરેશકુમાર ગુર્જર શાંતિદેવી સોનુકુમાર ગુર્જર | ૫૧૯ તા.૧૨/૦૧/૨૦૨૪ | બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ પ્લોટનં ૨+૩ દુકાન રૂમો મિ.નં ૩૭૦૩/૧ થી ૩૭૦૩/૩૨(૧૩૯૨૯ થી ૧૩૯૬૦) |

આમ, ઉપરોક્ત મુજબના ર૯્દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨ શ્રી શેખ ફરહાનાબાનુ ઇલ્યાસ વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી શેખ ફરહાનાબાનુ ઇલ્યાસ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૬૩ સૂર્યાશી રેસીડેન્સી એ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર એ-૯+૧૦+૧૧+૧૨+૧૩ શેખ ફરહાનાબાનુ ઇલ્યાસભાઇ, મુસ્તફા હુસેન ઝાકીર હુસેન, ચૌધરી મોહનલાલ મંગારામજી એ દસ્તાવેજ નંબર ૩૧૪૫/૨૦૨૧ તા ૧૬/૦૩/૨૦૨૧ તેમજ દસ્તાવેજ નંબર ૧૦૭૮૦/૨૦૨૧ તા ૧૧/૧૦/૨૦૨૧ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફ્ટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૯ દુકાન અને ૧ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૮ રૂમ અને ચોથામાળે ૪ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક દુકાનની આકારણી ૧૦૦૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૮ મિલકતો ની કુલ આકારણી રૂા.,૨૩,૫૦,૦૦૦/- કરવા અને ૩૮ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૩ શ્રી નેની હરિરામ સુથાર વિગેરેની અરજી

ઠરાવનં ૩/૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી નેની હરિરામ સુથાર વિગેરેની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૬૪ વાળી જમીન ૧. નેની હરિરામ સુથાર ૨. હરિરામ સાંગારામ સુથાર ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૨૪૧૦ તારીખ:૨૨/૦૨/૨૦૨૨ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ શ્રી વિમલાદેવી રાજકુમાર સાહ વિગેરેની અરજી

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિમલાદેવી રાજકુમાર સાહ વિગેરેની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૪૯ વાળી જમીન ૧. વિમલાદેવી રાજકુમાર સાહ ૨. અમરજીતકુમાર રાજકુમાર સાહ ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૨૭૮ તારીખ:૦૬/૦૧/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૫ શ્રી રૂપાબેન કાળુભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી રૂપાબેન કાળુભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૩૩૮(૨૦૧૨) (૧)નંદુબેન કાળુભાઇ રાઠોડ (૨)રેખાબેન કાળુભાઇ રાઠોડ (૩)રૂપાબેન કાળુભાઇ રાઠોડ (૪)વંસુધરા રાકેશભાઇ રાઠોડ ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)નંદુબેન કાળુભાઇ રાઠોડ (૨)રેખાબેન કાળુભાઇ રાઠોડ એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૨૩૬૯/૨૦૨૪ તા. ૦૩/૦૮/૨૦૨૪ - જ્યોતિ ડી માહ્યાવંશી) રૂબરૂ લેખથી શ્રી (૩)રૂપાબેન કાળુભાઇ રાઠોડ (૪)વંસુધરા રાકેશભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૩૩૮(૨૦૧૨) માંથી અનુ.નં (૧)નંદુબેન કાળુભાઇ રાઠોડ (૨)રેખાબેન કાળુભાઇ રાઠોડ નું નામ કમી કરી સદર મિલ્કત શ્રી રૂપાબેન કાળુભાઇ રાઠોડ, વંસુધરા રાકેશભાઇ રાઠોડ ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી શિવ લાલ રાજમલ કલાલ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી શિવ લાલ રાજમલ કલાલ વિગેરે ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૬૩૧ વાળી જમીન માં પડેલ ખુલ્લા પ્લોટની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિલકત

નંબર ૩૬૫૬ (૧૩૩૮૫) થી ૨૩૦.૯૭ ચો.મી રીતુ પવનકુમાર જૈન ના નામથી થયેલ છે.જેમાંથી અરજદારશ્રીએ ખાનગી રાહે પડેલ પ્લોટનં ૩૯ અને ૪૦ ની ૧૩૨.૯૮ ચો.મી જેટલી જમીન વેચાણ રાખેલ છે. જેની આકારણી કરવા અરજ કરેલ છે. અરજી અંગે આજની સભામાં ચર્ચા વિચારણા કરતાં મજકુર જમીન બિનખેતી સદરે ચાલી આવેલ છે. હાલમાં ૧. મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ (૨૫%) ૨. દિનેશકુમાર શાંતિલાલ ગાંધી (૨૫%) ૩.રીતુ પવનકુમાર જૈન (૨૫%) ૪. રાજપુત જોગીન્દરસિંગ ગીસુસિંહ (૨૦%) ૫. ધર્મચંદ રંગલાલ ગુર્જર (૫%) એ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૭૦/૨૦૨૩ તા: ૦૮/૦૨/૨૦૨૩ થી ભાગીદારીમાં હિસ્સા મુજબ વેચાણ લીધેલ છે. ત્યારબાદ તેઓ મજકુર જમીન સહભાગીદારીની રાખવા ન માંગતા હોય આંતરિક વહેંચણ કરાર (૨૪૫૨/૨૦૨૩ તા:૧૨/૦૭/૨૦૨૩ નોટરી વિદ્વાન શ્રી જ્યોતિ ડી. માહ્યાવંશી રૂબરૂ) કરી કરારની રૂએ વહેંચણ કરેલ છે. અરજદારશ્રી એ રીતુ પવનકુમાર જૈન પાસેથી તેમના હિસ્સા માં આવેલ ૨૩૦.૯૭ ચો.મી માંથી ૧૩૨.૯૮ ચો.મી જેટલી જમીન દસ્તાવેજ નંબર ૩૭૩૨/૨૦૨૪ તા ૨૮/૦૩/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેથી સભામાં ચર્ચા કરતા પંચાયતની વેરાની આવક ગુમાવવી ન પડે તે હેતુથી મજકુર ખુલ્લા પ્લોટનં ૩૯ અને ૪૦ ની આકારણી શિવ લાલ રાજમલ કલાલ, જગદીશ લાલ રાજમલ કલાલ ના નામથી ૧૩૨.૯૮ ચો.મી ની રૂ.૧૦૦૦૦૦/- કરવા અને રીતુ પવનકુમાર જૈન ની ૨૩૦.૯૭ ચો.મી ખુલ્લા પ્લોટની આકારણી માંથી ૧૩૨.૯૮ ચો.મી બાદ કરી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી મુકેશભાઇ નગીનભાઇ ઢીંમર વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મુકેશભાઇ નગીનભાઇ ઢીંમર વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૦૩૦(૧૬૭૫) (૧)મુકેશભાઇ નગીનભાઇ ઢીંમર (૨)ભરતભાઇ નગીનભાઇ ઢીંમર(૩)વિનોદભાઇ નગીનભાઇ ઢીંમર (૪)મીનાબેન નગીનભાઇ ઢીંમર ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૪)મીનાબેન નગીનભાઇ ઢીંમર એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૧૫૩/૨૦૨૪ તા. ૦૧/૦૮/૨૦૨૪ - બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી મુકેશભાઇ નગીનભાઇ ઢીંમર, ભરતભાઇ નગીનભાઇ ઢીંમર, વિનોદભાઇ નગીનભાઇ ઢીંમરની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૦૩૦(૧૬૭૫) માંથી અનુ.નં (૪)મીનાબેન નગીનભાઇ ઢીંમર નું નામ કમી કરી સદર મિલ્કત શ્રી મુકેશભાઇ નગીનભાઇ ઢીંમર, ભરતભાઇ નગીનભાઇ ઢીંમર, વિનોદભાઇ નગીનભાઇ ઢીંમર ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૮ શ્રી માલી બંસીલાલ નાનાલાલ વિગેરે નો બોજો દાખલ કરવા બાબતની અરજી

ઠરાવ નં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી માલી બંસીલાલ નાનાલાલ વિગેરે એ ગ્રામ પંચાયત પલસાણા દફતરે ચાલી આવેલ મિલ્કત નંબર- ૯૫૪/૫૫ (જુનો) નવો મિ.નં- ૧૫૩૭ અને ૯૫૪/૬૧ (જુનો) નવો મિ.નં ૧૫૪૨ વાળી મિલ્કત પર એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક માંથી ₹ ૩૩,૦૦,૦૦૦/- અંકે તેત્રીસ લાખ પુરાનું કરજ મેળવેલ છે. જેની નોંધ ગ્રામ પંચાયત દફતરે કરવા અરજ કરેલ છે. સદર અરજી સાથે રજુ થયેલ પુરાવાની રુએ મિલ્કત નંબર- ૯૫૪/૫૫ (જુનો) નવો મિ.નં- ૧૫૩૭ અને ૯૫૪/૬૧ (જુનો) નવો મિ.નં ૧૫૪૨ વાળી મિલ્કત પર આજની સભા મજકુર સંસ્થાનો ₹ ૩૩,૦૦,૦૦૦/- નો બોજો દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૯ શ્રી તારાબેન કેશવભાઇ વાઘેલા ની અરજી

ઠરાવનં ૩/૯ આજની સભા સમક્ષ શ્રી તારાબેન કેશવભાઇ વાઘેલા ની અરજી વંચાણે લેવામાં આવી. તેઓશ્રીએ પલસાણા ગ્રામ પંચાયત દફતરે (૧)શ્રી કમુબેન કેશવભાઇ ના નામે ચાલી આવેલ મિલ્કત નંબર ૯૨૬(૧૪૮૧) માં વારસાઇ હકકે નામ દાખલ કરવા અરજ કરેલ છે. જે પૈકી અનુ.નં (૧)શ્રી કમુબેન કેશવભાઇ તારીખ:૩૦/૧૦/૨૦૨૦ ના રોજ સુરત મુકામે અવસાન પામેલ છે. તેઓશ્રીના પેઢીનામામાં દર્શાવ્યા મુજબના સીધી લીટીના વારસદારો (૧)શ્રી તારાબેન કેશવભાઇ વાઘેલા (હયાત) ચાલી આવેલ છે. ઉપર મુજબ હકીકત જણાતી હોય મિલ્કત નંબર-૯૨૬(૧૪૮૧) માંથી સ્વ. કમુબેન કેશવભાઇ નું નામ કમી કરી સીધી લીટી ના વારસદાર (૧) હયાત નું નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૦ શ્રી પૂજા પ્રેમચંદ ગુપ્તા ની અરજી.

ઠરાવનં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પૂજા પ્રેમચંદ ગુપ્તા ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૭ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર-૮૭ શ્રી પૂજા પ્રેમચંદ ગુપ્તા એ રજીસ્ટર દસ્તાવેજ નંબર-૫૧૯૭ તા. ૦૨/૦૫/૨૦૨૪ ના રોજ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ ગ્રા.ફ્લોર મકાનનું બાંધકામ કરેલ છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે.આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આકારણી રૂા. ૫૦,૦૦૦/- કરવા મિલકત નંબર આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૧ શ્રી સોમજીભાઇ માવજીભાઇ વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સોમજીભાઇ માવજીભાઇ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મેઇન રોડ પર આવેલ મકાન કે જેનો મિલકત નંબર ૯૪૧ (૧૫૦૨) સોમજીભાઇ માવજીભાઇ, કરમશી માવજીભાઇ, ચંદુલાલ માવજીભાઇ ના નામે સંયુક્ત માલિકી ની આવેલ છે. સદરહુ મકાન ના પ્રથમમાળે અને બીજામાળે બાંધકામ કરેલ છે. જેની આકારણી કરી આપવા અરજ કરેલ છે. જેથી મિલકત નંબર ૯૪૧ ના પ્રથમમાળે બનેલ મકાનની અલગ આકારણી કરવા અને નવા મિલકત નંબર આપવા તેમજ પ્રથમમાળ મકાનની આકારણી ₹ ૨૫૦૦૦૦/- કરવા તેમજ બીજામાળે બનેલ મકાન ની અલગ આકારણી કરવા અને નવા મિલકત નંબર આપવા તેમજ બીજામાળ મકાનની આકારણી ₹ ૨૫૦૦૦૦/- કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ની અરજી

ઠરાવનં ૩/૧૨ આજની સભા સમક્ષ શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ની અરજી વંચાણે લેવામાં આવી. તેઓશ્રીએ પલસાણા ગ્રામ પંચાયત દફતરે (૧)શ્રી કાન્તીભાઇ છગનભાઇ પટેલ ના નામે ચાલી આવેલ મિલ્કત નંબર ૧૬૮૨/૩૦(૨૯૫૯) માં વારસાઇ હકકે નામ દાખલ કરવા અરજ કરેલ છે. જે પૈકી અનુ.નં (૧)શ્રી કાન્તીભાઇ છગનભાઇ પટેલ તારીખ:૩૦/૦૩/૨૦૨૦ ના રોજ પલસાણા મુકામે અવસાન પામેલ છે. તેઓશ્રીના પેઢીનામામાં દર્શાવ્યા મુજબના સીધી લીટીના વારસદારો (૧)શ્રી ભારતીબેન કાંતિલાલ પટેલ (પત્ની) (હયાત) (૨)શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ (પુત્ર) (હયાત) (૩)શ્રી પ્રિયંકાકુમારી કાંતિલાલ પટેલ (પુત્રી) (હયાત) ચાલી આવેલ છે. ઉપર મુજબ હકીકત જણાતી હોય મિલ્કત નંબર-૧૬૮૨/૩૦(૨૯૫૯) માંથી સ્વ. કાંતીભાઇ છગનભાઇ પટેલ નું નામ કમી કરી સીધી લીટી ના વારસદાર (૧)થી(૩) હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ શ્રી જયેશકુમાર ધીસુલાલ શાહ ની અરજી

ઠરાવનં ૩/૧૩ આજ રોજ સભા મળી જેમાં સભા સમક્ષ શ્રી જયેશકુમાર ધીસુલાલ શાહ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ ગામતળમાં આવેલ ગામના નમુના નં ૨ માં આવેલ ભાગ નં ૧ ના અનુ.નં ૫૪ થી નોંધાયેલ ખુલ્લી જમીન પૈકીમાંનો પ્લોટ નં ૨૧ વાળી ખુલ્લી જમીન જે ધીસુલાલ ભુરાલાલ શાહ એ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૫૭૧ તા. ૧૮/૦૪/૧૯૯૨ થી વેચાણ રાખેલ અને તેમાં મકાનનું બાંધકામ કરેલ છે જેની આકારણી કરવા માટે અરજ કરેલ છે.જેથી મકાનની આકારણી રૂા.૧,૨૦,૦૦૦/- કરી નવો મિલકત નંબર આપવા તેમજ ગ્રામ પંચાયત દફતરે પ્લોટનં ૩ અને ૪ માં પણ બાંધકામ કરેલ હોય તેની આકારણી અગાઉ નોંધાયેલ છે. અને આ ત્રણેય પ્લોટ થઇ સ્થળ પર એક જ મકાન બનેલ છે. પરંતુ દસ્તાવેજ અલગ હોવાથી આકારણી ગ્રામ પંચાયત દફતરે અલગ કરેલ છે. જે બરાબર હોય સભા સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૧૪ શ્રી હનીફાબીબી લીયાકતઅલી પઠાણ ની અરજી.

ઠરાવનં ૩/૧૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી હનીફાબીબી લીયાકતઅલી પઠાણ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૮ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૭૮ કે જેમાં મકાનની આકારણી ગ્રા.પં દફતરે મિલકત નંબર ૧૯૪૯/૧ થી ૧૯૪૯/૪ ગ્રા.ફ્લોર, પ્રથમમાળ, બીજોમાળ અને ત્રીજામાળ થી થયેલ છે. જે તે સમયે એક ફ્લોર ની એક આકારણી થઇ હતી. પરંતુ સ્થળ પર અલગ રૂમો બનેલ છે. જેથી અરજદારે રૂમોની અલગ આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ કરવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે પ્રથમમાળે ૨ રૂમ, બીજામાળે ૨ રૂમ, ત્રીજામાળે ૨ રૂમ ની અલગ આકારણી કરવા અરજ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક રૂમની આકારણી ૫૦,૦૦૦/- કરવા તેમજ ત્રણ નવા મિલકત નંબરો ઉમેરવા અને અગાઉ જે ચાર મકાનની આકારણી થઇ છે તે સ્થળ તપાસ કરતા રૂમો હોવાથી અગાઉ કરેલ મકાનની આકારણી ના વર્ણનમાં સુધારો કરી રૂમો કરવા અને એક રૂમની આકારણી ૫૦,૦૦૦/- કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૫ શ્રી હનીફાબીબી લીયાકતઅલી પઠાણ ની અરજી.

ઠરાવનં ૩/૧૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી હનીફાબીબી લીયાકતઅલી પઠાણ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૮ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૭૯ કે જેમાં મકાનની આકારણી ગ્રા.પં દફતરે મિલકત નંબર ૧૯૪૮/૧ થી ૧૯૪૮/૪ ગ્રા.ફ્લોર, પ્રથમમાળ, બીજોમાળ અને ત્રીજામાળ થી થયેલ છે. જે તે સમયે એક ફ્લોર ની એક આકારણી થઇ હતી. પરંતુ સ્થળ પર અલગ રૂમો બનેલ છે. જેથી અરજદારે રૂમોની અલગ આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ કરવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે પ્રથમમાળે ૨ રૂમ, બીજામાળે ૨ રૂમ, ત્રીજામાળે ૨ રૂમ ની અલગ આકારણી કરવા અરજ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક રૂમની આકારણી ૫૦,૦૦૦/- કરવા તેમજ ત્રણ નવા મિલકત નંબરો ઉમેરવા અને અગાઉ જે ચાર મકાનની આકારણી થઇ છે તે સ્થળ તપાસ કરતા રૂમો હોવાથી અગાઉ કરેલ મકાનની આકારણી ના વર્ણનમાં સુધારો કરી રૂમો કરવા અને એક રૂમની આકારણી ૫૦,૦૦૦/- કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૬ શ્રી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ની અરજી

ઠરાવનં ૩/૧૬ આજરોજની સભામાં શ્રી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ અરજદારે અરજીમાં જણાવ્યા અનુસાર બ્લોકનંબર ૨૫૭ હરિહર નગર માં પડેલ પ્લોટ નં ૨૪ ર¢દ નં ૮૬૭૩ તા.૦૧/૦૮/૨૦૨૪ થી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ના નામથી વેચાણ લીધેલ છે. જેની ખુલ્લા પ્લોટની આકારણી કરવા માટે અરજ કરેલ છે. આ આકારણી ગુજ. ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ પ્લોટની આકારણી ૫૦૦૦૦/- કરવા અને મિલકત નંબર આપવા તેમજ વેરો વસુલ કરવા સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૭ શ્રી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ની અરજી

ઠરાવનં ૩/૧૭ આજરોજની સભામાં શ્રી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ અરજદારે અરજીમાં જણાવ્યા અનુસાર બ્લોકનંબર ૨૫૭ હરિહર નગર માં પડેલ પ્લોટ નં ૨૩ ર¢દ નં ૮૬૭૪ તા.૦૧/૦૮/૨૦૨૪ થી ઉપેન્દ્ર શન્દુલ શર્મા ના નામથી વેચાણ લીધેલ છે. જેની ખુલ્લા પ્લોટની આકારણી કરવા માટે અરજ કરેલ છે. આ આકારણી ગુજ. ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની

શરતે સભાએ પ્લોટની આકારણી ૫૦૦૦૦/- કરવા અને મિલકત નંબર આપવા તેમજ વેરો વસુલ કરવા સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૮ શ્રી ધર્મેશભાઇ ઠાકોરભાઇ પટેલની આપેલી અરજી બાબત.

ઠરાવનં ૩/૧૮ અરજદાર દ્વારા પલસાણા ગામે મિલકત નંબર ૭૯૭(૧૨૦૭) અને ૭૯૮(૧૨૦૮) માં રજી.નં ૧૫૫૮૦ વીલના આધારે નામ તબદીલ કરવા તા.૦૯/૦૬/૨૦૨૪ ના રોજ અરજી કરવામાં આવેલ હતી. પરંતુ ધર્મેશભાઇ ઠાકોરભાઇ પટેલના ભાઇ શ્રી ભરતભાઇ ઠાકોરભાઇ પટેલની પત્ની અમીતાબેન ભરતભાઇ પટેલ દ્વારા આ મિલકત માં નામ ટ્રાન્સફર સામે વાંધા અરજી પહેલેથી જ આપેલી હતી. ત્યાર બાદ ગ્રામ પંચાયત પલસાણા દ્વારા તા. ૧૧/૦૬/૨૦૨૪ ની ગ્રામ પંચાયત પલસાણાની સામાન્ય સભાના ઠરાવનં ૩(૧૨) થી ઠાકોરભાઇ દલપતભાઇ પટેલના તમામ વારસદારોને નોટીશ આપી આ મિલકતમાં નામ ટ્રાન્સફર સામે કોઇ વાંધો હોય તો આ નોટીશ મળ્યાની તારીખથી ૩૦ દિવસ ની અંદર પંચાયત માં લેખીત ખુલાસો રજુ કરવા જણાવેલ જેથી પંચાયત દ્વારા તા ૦૩/૦૭/૨૦૨૪ ના રોજ ઠાકોરભાઇ દલપતભાઇ પટેલના વારસદારો (૧)રમીલાબેન ઠાકોરભાઇ પટેલ રહે. 3 RUE ALEXANDRA DAVID NEEL BONDY SAINE SAINT DENIS PIN 93140 FRANCE (૨)રીટાબેન કિશોરભાઇ પટેલ રહે. UNIVERSITY MANOR INN 3612 MAIN STREET BUFFALO, NewYork USA14226 (૩)ધર્મેશભાઇ ઠાકોરભાઇ પટેલ રહે. 3 RUE ALEXANDRA DAVID NEEL BONDY SAINE SAINT DENIS PIN 93140 FRANCE (૪)અમીતાબેન ભરતભાઇ પટેલ 6970 AV VICTORIA APT 214, MONTREAL QC H3W 0A6 CANADA (૫)આલેક્ષા ભરતભાઇ પટેલ 6970 AV VICTORIA APT 214, MONTREAL QC H3W 0A6 CANADA (૬)શિવાની ભરતભાઇ પટેલ 6970 AV VICTORIA APT 214, MONTREAL QC H3W 0A6 CANADA ને નોટીશ બજવેલ છે. પરંતુ તમામ વારસદારો માંથી કોઇ પણ વારસદાર દ્વારા લેખિત વાંધો દિન ૩૦ માં રજુ થયેલ નથી જેથી આજની સભા મિલકત નંબર ૭૯૭(૧૨૦૭) અને ૭૯૮(૧૨૦૮) માં રજીસ્ટર વીલ ૧૫૫૮૦ તા ૧૬/૧૨/૨૦૨૨ ને આધારે નામ ટ્રાન્સફર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૧૯ શ્રી વાઘજીભાઇ રમેશભાઇ પઢેરિયા ની અરજી

ઠરાવ નં ૩/૧૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વાઘજીભાઇ રમેશભાઇ પઢેરિયા રહે: સુરેન્દ્રનગર ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૨૮ વાઘજીભાઇ રમેશભાઇ પઢેરિયા એ દસ્તાવેજ નંબર ૬૭૮૬/૨૦૨૪ તા ૧૨/૦૬/૨૦૨૪ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફલોર પર ૧ દુકાન અને ૬ રૂમ, પ્રથમમાળે ૬ રૂમ તથા બીજામાળે ૭ રૂમ તથા ત્રીજામાળે ૭ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૨૭ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૪,૦૦,૦૦૦/- કરવા અને ૨૭ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨૦ અવધ કિમ્બર્લી ના સોસાયટી ના સભ્યોની આવેલી અરજી બાબત

ઠરાવનં ૩/૨૦ અવધ કિમ્બર્લી ના સોસાયટી ના સભ્યો ની અરજી આજની સભામાં વાંચનમાં લેવામાં આવી. જેમાં જણાવ્યા મુજબ સોસાયટી સભ્યો દ્વારા તેમની સોસાયટીમાંથી નીકળતા ઝાડ પાન નો કચરો ખાલી કરવા માટે જગ્યા માંગેલ છે. પરંતુ પંચાયત દ્વારા અવધ કિમ્બર્લી ના દરેક ઘર માંથી કચરો લેવામાં આવે જ છે. અને પંચાયત પાસે જે જગ્યા છે તે પણ ટેમ્પરરી જગ્યા જ છે. જેથી આજની સભા અવધ કિમ્બર્લી નો ઝાડ પાન નો કચરો પંચાયત ની ડમ્પીંગ સાઇડ પર ખાલી ન કરવા સર્વાનુમતે ઠરાવે છે. તેમજ પોતાની અલગથી વ્યવસ્થા કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.

ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે જુન ૨૦૨૪ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૪ જુલાઇ- આવક | | ૨૦૨૪ **જુલાઇ-** જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૫૯૭૦૦૦.૦૦ | પગાર ખાતે | ૧૨૯૬૦૦.૦૦ |
| જિ.પં કર | ૫૯૭૦૩.૦૦ | ડોર ટુ ડોર કચરા નિકાલ | ૧૯૦૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૨૧૫૦૦.૦૦ | રુર્બન ગટર સફાઇ ખાતે | ૨૨૨૦૦૦.૦૦ |
| પાણીવેરો | ૧૪૪૦૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૬૨૬૦૦.૦૦ |
| સફાઇવેરો | ૪૯૧૦૦.૦૦ | પાઇપલાઇન સામાન/રીપેરીંગ | ૧૮૧૫૬૬.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૧૮૩૮૦૨૦.૦૦ | ઓફિસ સાદિલવાર | ૧૯૮૩૦.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૨૩૯૦૦.૦૦ | ૧૫ મું નાણાપંચ તાલુકા કક્ષા | ૪૯૩૭૭૫.૦૦ |
| કેબીન ભાડું | ૪૧૦૦૦.૦૦ | જે સી બી થી કચરા સફાઇ નું કામ | ૧૬૫૦૦.૦૦ |
| ગટરવેરો | ૨૦૮૫૦.૦૦ | ૧૫ % વીવેકાધીન ગ્રાંટ | ૪૯૫૦૦૦.૦૦ |
| માર્કેટ ભાડું | ૩૧૫૦.૦૦ | જી એસ ટી સ્વભંડોળ | ૧૬૧૦૨.૦૦ |

| | | | |
|---|---|---|---|
| તાલુકા પંચાયત કર | ૨૬૯૪૫.૦૦ | ગ્રામ પંચાયત સ્વભંડોળ વિકાસના કામો | ૮૨૦૬૦૯૩.૦૦ |
| ૧૫ % વીવેકાધીન ગ્રાંટ | ૪૯૫૦૦૦.૦૦ | પરચુરણ ખર્ચ | ૨૭૭૩.૦૦ |
| નકલ ફી | ૧૩૮૬.૦૦ | ટેલિફોન બીલ | ૧૦૦૨.૦૦ |
| લગ્ન નોંધણી ફી | ૩૧૦.૦૦ | ૧૫ મું નાણાપંચ ટી ડી એસ | ૧૬૧૦૨.૦૦ |
| નળ કનેક્શન ફી | ૨૫૦૦.૦૦ | ૧૫ મું નાણાપંચ લેબર શેષ | ૮૦૫૧.૦૦ |
| જી એસ ટી | ૧૧૮૬૮૨.૦૦ | બેંક ચાર્જીસ | ૨૫૮૬.૦૦ |
| ટી ડી એસ | ૮૨૯૭૨.૦૦ | | |
| લેબર શેષ | ૬૭૪૨૬.૦૦ | | |
| એડવાન્સ વેરો | ૨૨.૦૦ | | |
| મ.ગાંધી સ્વચ્છતા મીશન ગ્રાંટ | ૨૬૨૬૮૦.૦૦ | | |
| બેંક વ્યાજ | ૨૮૪૮૬૨.૦૦ | | |
| ૧૫ મું નાણાપંચ તાલુકા કક્ષા | ૪૯૩૭૭૫.૦૦ | | |
| **કુલ** | ૪૫૦૫૧૮૩.૦૦ | **કુલ** | ૧૦૦૬૩૫૮૦.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૪૩૫૧૭૮૧૧.૭૦ | **બંધ સિલ્લક** | ૩૭૯૫૯૪૧૪.૭૦ |
| **કુલ એકંદર** | ૪૮૦૨૨૯૯૪.૭૦ | **કુલ એકંદર** | ૪૮૦૨૨૯૯૪.૭૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે જુલાઇ - ૨૦૨૪ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત

ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકંદરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૬ (૧) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકંદરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

૧.પલસાણા ગામે સ્ટેટબેંકની આગળના ભાગે રસ્તાની બાજુમાં પેવર બ્લોકનું કામ
૨.પલસાણા ગામે મુખ્ય ડામર રોડની ડાબી બાજુએ રસ્તાની બાજુમાં પેવર બ્લોકનું કામ
૩.પલસાણા ગામે સ્કૂલની સામેની બાજુએ ગલી મા પેવર બ્લોકનું કામ
૪.પલસાણા ગામે ગાયત્રી મંદિરની સામે પેવર બ્લોકનું કામ
૫.પલસાણા ગામે ગાયત્રી મંદિર થી રચનાબેનનાં ઘર તરફ જતા પેવર બ્લોકનું કામ
૬.પલસાણા ગામે રચનાબેનનાં ઘરથી ઘરડી માતાના મંદિર તરફ જતા પેવર બ્લોકનું કામ
૭.પલસાણા ગામે ઘરડી માતાના મંદિરની સામે પેવર બ્લોકનું કામ
૮.પલસાણા ગામે શ્રી રાધા કૃષ્ણ મંદિરની બાજુમાંથી કિરણ મોટર્સ તરફ જતા પેવર બ્લોકનું કામ
૯.પલસાણા ગામે કિરણ મોટર્સ થી ગૌરવભાઇ ના તબેલા તરફ જતા પેવર બ્લોકનું કામ
૧૦.પલસાણા ગામે ગૌરવભાઇ ના તબેલાથી સંજયભાઇ પંચાલના ક્લિનીક તરફ જતા પેવર બ્લોકનું કામ
૧૧.પલસાણા ગામે સંજયભાઇ પંચાલની ક્લિનીક થી બ્રાહ્મણ ફળિયા તરફ જતા પેવર બ્લોકનું કામ
૧૨.પલસાણા ગામે જુની કોર્ટની બાજુમાં રસ્તા પર પેવર બ્લોકનું કામ
૧૩.પલસાણા ગામે જુની કોર્ટ થી ઋણ મુકતેશ્વર મંદિર તરફ જતા પેવર બ્લોકનું કામ
૧૪.પલસાણા ગામે ઋણ મુકતેશ્વર મંદિરની બાજુમાંથી ગ્રામ પંચાયત તરફ જતા પેવર બ્લોકનું કામ
૧૫.પલસાણા ગામે ગ્રામ પંચાયત ઓફિસથી મેઇન રોડ ને જોડતા રસ્તા પર પેવર બ્લોકનું કામ

૧૬.પલસાણા ગામે મેઇન રોડ ઉપર મોઢેશ્વરી સુપર સ્ટોર થી સુનીલભાઇ પટેલ ના મકાન સુધી બ્લોકનું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

(૨) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.
૧.પલસાણા ગામે સક્સન મશીન ખરીદી નું કામ ૫,૦૦,૦૦૦/-
૨.પલસાણા ગામે જેટીંગ મશીનની ખરીદી નું કામ ૫,૦૦,૦૦૦/-
૩.પલસાણા ગામે ટ્રેક્ટર ખરીદી નું કામ ૫,૦૦,૦૦૦/-

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

(૩)આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.
૧.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં ભાગ્યોદય એન્જીનયરીંગ થી હરિ ઓમ ઇલેક્ટ્રીક તરફ પેવર બ્લોકનું કામ
૨.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં શ્રી સાંઇ એન્જીનયરીંગ થી પલસાણા શોપીંગ ઓફિસ તરફ પેવર બ્લોકનું કામ
૩.પલસાણા ગામે પલસાણા શોપીંગ માં ઉમા અગ્રવાલ કિરાણાથી ઓનેસ્ટ મશીનરી દુકાનો આગળના ભાગે પેવર બ્લોકનું કામ
૪.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં અગ્રવાલ ઇલેક્ટ્રીક થી રિધ્ધી કિરાણા દુકાન સામે પેવર બ્લોકનું કામ
૫.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં સ્ટાર સલુનથી હબલુ કરિયાણા દુકાનની સામે પેવર બ્લોકનું કામ
૬.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં અમદાવાદી તવા ફ્રાય ની સામેના ભાગે પેવર બ્લોકનું કામ
૭.પલસાણા ગામે પલસાણા શોપીંગમાં મસ્જીદની સામેના ભાગે પેવર બ્લોકનું કામ
૮.પલસાણા ગામે પલસાણા શોપીંગ ના પાછળના ભાગે જલા સાંઇ એન્જીનયરીંગ થી રાકેશના બિલ્ડીંગ સુધી પેવર બ્લોકનું કામ
૯.પલસાણા શોપીંગ માં પેવર બ્લોકનું કામ
૧૦.પલસાણા બલેશ્વર રોડ પર નહેરની બાજુમાંથી પલસાણા ગામ તરફ જતી ગટર પર ફુટપાથ બનાવવાનું કામ
૧૧.પલસાણા ગામે બલેશ્વર રોડ પર પ્લાય ફેક્ટરીના સામેના ભાગે ગટર પર ફૂટપાથ બનાવવાનું કામ
૧૨.પલસાણા ગામે આર્શીવાદ વિલા ના ગેટના સામેના ભાગે ગટર પર ફૂટપાથ બનાવવાનું કામ
૧૩.પલસાણા ગામે આહિર સમાજવાડીના સામેના ભાગે સી.સી રોડ બનાવવાનું કામ
૧૪.પલસાણા ગામે બલેશ્વર રોડ પર આવેલ ખેતરની બાજુમાં ગટર પર ફૂટપાથ બનાવવાનું કામ
૧૫.પલસાણા ગામે આઠ ગાળા આહિરવાસ માં ભીખુભાઇ ના ઘરની સામે પેવર બ્લોકનું કામ
૧૬.પલસાણા ગામે આઠ ગાળા આહિરવાસમાં પ્રકાશભાઇના ઘરની સામે પેવર બ્લોકનું કામ
૧૭.પલસાણા ગામે સૂર્યાશી રેસીડેન્સી જતા રસ્તા ની બાજુમાં ગટર લાઇનનું કામ
૧૮.પલસાણા ગામે વૃંદાવન સોસાયટી થી પલસાણા શોપીંગ સેન્ટર સુધી ગટર લાઇનનું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.
ઠરાવનં ૭ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે. .

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂ

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.